# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# JUNAGADH BHAVNATH MELO

દેવાધિદેવ મહાદેવના સાંનિધ્યમાં જુનાગઢમાં ગિરનારની તળેટીમાં આજથી મહાશિવરાત્રીના મેળાનો ભવ્ય પ્રારંભ થયો. ભવનાથ મંદિર પર ધ્વજારોહણ સાથે મેળાનો વિધિવત્ પ્રારંભ કરાયો. આ પ્રસંગે જુનાગઢના ધારાસભ્ય , મેયર, કલેક્ટર, કમિશનર સહિતના અધિકારીઓ અને સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા. તમામ મહાનુભાવોએ ગિરનાર દરવાજા નજીક ભરડા-વાવથી ચાલીને પદયાત્રા કરી ધજા વિધિ માટે પ્રસ્થાન કર્યું હતું. આ અંગે અવધૂત આશ્રમના મહંત સાધુ મહાદેવગિરિ બાપુની પ્રતિક્રિયા સાંભળીએ.

(BYTE: MAHADEVGIRI BAPU, MAHANT,
AVADHUT ASHRAM)

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ આજે સાંજે મહાશિવરાત્રીના મેળામાં ઉપસ્થિત રહેશે. દરમિયાન ગિરનાર CCTV પરિયોજનાનું લોકાર્પણ, ભવ્ય ડમરું યાત્રા, ભવનાથ મહાદેવની મહાઆરતી અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહ યોજાશે.

ઉપરાંત આગામી 14 તારીખ સુધી દરરોજ સાંજે પાંચ વાગ્યાથી ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આજે મૈથિલી ઠાકુર અને રાજભા ગઢવી પોતાની કળાની પ્રસ્તુતિ કરશે. આગામી પાંચ દિવસ યોજાનારા મેળામાં ભક્તોની સુવિધા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

. . . . . . . . . . . .

# CHANA RAI KHARIDI

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ચણા અને રાઈની ટેકાના ભાવે ખરીદી કરાશે. આ અંગે કૃષિમંત્રી જિતુ વાઘાણીએ કહ્યું , સરકાર દ્વારા ચણાની એક હજાર 175 રૂપિયા પ્રતિમણ અને એક હજાર 240 રૂપિયા પ્રતિમણના ભાવે રાઈની ખરીદી કરાશે. આ માટે ખેડૂતો 13 ફેબ્રુઆરીથી પાંચ માર્ચ સુધી ઇ-ગ્રામ કેન્દ્ર ખાતેથી ઇ-સમૃદ્ધિ પૉર્ટલ પર ઑનલાઈન નોંધણી કરાવી શકશે. ઉપરાંત ખેડૂતો ગામડાના કમ્પ્યુટર ઉદ્યોગસાહસિક – VCE દ્વારા આ નોંધણી વિનામૂલ્યે કરાવી શકશે.

ખેડૂતોને ખરીદી માટે ઝડપથી નોંધણી કરાવી આ યોજનાનો મહત્તમ લાભ લેવા કૃષિમંત્રીએ અનુરોધ કર્યો છે.

. . . . . . . . . . . . .

# MAHESANA KAPAS BHAV

મહેસાણામાં ઊંઝા નજીક ઉનાવા માર્કેટિંગ યાર્ડમાં હાલ દરરોજ પાંચથી વધુ ગાડી ભરીને કપાસ આવી રહ્યું છે. યાર્ડમાં કપાસનો સૌથી ઊંચો ભાવ એક હજાર 597 રૂપિયાનો નોંધાયો હતો. વિસનગર યાર્ડમાં રાયડાની પણ ચાર હજારથી વધુ બોરીની આવક નોંધાઈ. રાયડાના 900 રૂપિયાથી એક હજાર 416 રૂપિયા સુધીનો ભાવ રહ્યો હતો.

. . . . . . . . . . . . .

# CM MEETING ON BUDGET

ગાંધીનગરમાં રાજ્ય સરકારના આગામી અંદાજપત્ર અંગે ચર્ચા કરવા મહત્વની બેઠક યોજાઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં અંદાજપત્રને આખરી ઓપ આપવા અંગે, વિવિધ વિભાગ તરફથી આવેલા સૂચન અને નવી બાબત અંગે ચર્ચા કરવામાં આવી. બેઠકમાં નાણા મંત્રી કનુ દેસાઈ સહિતના વરિષ્ઠ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભામાં આગામી 18 તારીખે અંદાજપત્ર રજૂ કરાશે.

. . . . . . . . . . . . .

# CM AMUL PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાંજે આણંદમાં અમૂલ A.I. - કૃત્રિમ બુદ્ધિમત્તા પહેલનો પ્રારંભ કરાવશે. અમૂલ ડેરી સભાગૃહ ખાતે ડેરી વ્યવસ્થાને વધુ અદ્યતન કરતી અને સહકારને ભવિષ્ય માટે તૈયાર કરતી આ પહેલનો લોકાર્પણ કાર્યક્રમ યોજાશે.

અમૂલ A.I. નો ઉપયોગ કરવા દૂધ ઉત્પાદકો તેમના ગામની દૂધ સહકારી મંડળીમાં નોંધાયેલા મોબાઈલ નંબર પરથી 080-3545 3545 પર કૉલ કરી શકે છે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# GNR ANTF RAID

ગાંધીનગરમાં કેફી દ્રવ્યના એક લાખથી વધુના જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. C.I.D. ક્રાઈમની ઍન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે કેફી દ્રવ્ય સાથે આ વ્યક્તિને ઝડપી પાડ્યો છે. આ અંગે વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા.

(VOICECAST: DURGESH MEHTA)

. . . . . . . . . . . . .

# KUTCH VAN VIBHAG PAHEL

કચ્છના નાના રણ વિસ્તારમાં જળ અને જમીન સંરક્ષણ થકી વન્યજીવ સૃષ્ટિનું સંવર્ધન કરાશે. વન વિભાગની નવતર પહેલ અંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું , નાના રણ વિસ્તારમાં વન્યજીવોના સંરક્ષણ , સંવર્ધન અને પર્યાવરણીય સંતુલન જાળવવા માટી —ભેજ સંરક્ષણ સંબંધિત કામગીરી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત અંદાજે એક કિલોમીટરના વિસ્તારમાં ત્રણ જેટલા વિશેષ પ્રકારના પાળા તૈયાર થઈ રહ્યા છે. તેમાં ભવિષ્યમાં વધારો કરાશે.

આ કામગીરીના પરિણામે ચોમાસામાં વહી જતા અંદાજે એક કરોડ 35 લાખ લિટર વરસાદી પાણીનો સંગ્રહ થશે અને શિયાળા સુધી વન્યપ્રાણીઓને કુદરતી રીતે પીવાનું પાણી મળશે. આગામી બીજા અને ત્રીજા વર્ષથી આ પાણી પીવાલાયક બનશે, જે રણના શુષ્ક વાતાવરણમાં જીવસૃષ્ટિ માટે અમૃત સમાન સાબિત થશે તેમ પણ શ્રી મોઢવાડિયાએ ઉંમેર્યું.

. . . . . . . . . . . . .